# ધાનેરા સબજેલમાંથી પાંચ કેદીઓ ફરાર

## ધાનેરા પોલીસ થઈ દોડતી : બેરેકને લોક ન કરાતાં બેરેક ખોલી જાળી વાળી થઈ ગયા ફરાર

ધાનેરા, તા. ૯

ધાનેરા સબજેલમાંથી પાંચ આરોપીઓ ફરાર થઈ જતા ધાનેરા પોલીસ દોડતી થઈ જવા પામી છે. જ્યારે ડીવાયએસપી તથા એલસીબી અને એસઓજીની ટીમો પણ આ પાંચે આરોપીઓની શોધખોળમાં લાગી છે. તેમજ ધાનેરા મામલતદાર અને ડે. કલેક્ટર પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

ધાનેરા સબજેલમાં (૧) ગમુજી મલાજી રાજપુત રહે. ભાટીલ, તા. ધાનેરા વાળો જે હત્યાના કેસમાં લાવવામાં આવ્યો હતો. જે ધાનેરા ફસ્ટ ગુના રજી. નં. ૧૨૫/૧૫ આઈપીસી કલમ ૩૦૨, ૩૪ (૨) વિનુભાઈ જયંતીભાઈ માજીરાણા ઉં.વ. ૨૫ રહે. થાવર, તા. ધાનેરા જે. ધાનેરા ફસ્ટ ગુના રજી નં. ૧૦૩/૧૫ આઈપીસી કલમ ૩૭૯ મુજબ ચોરીના ગુનામાં સંડોવાયેલ હતો. (૩) હરકનભાઈ ધનાભાઈ રબારી રહે. દુગાવા તા. સાંચોર જી. જાલોર રાજસ્થાનવાળો ધાનેરા ફસ્ટ ગુના રજી નં. ૧૧૫/૧૫ આઈપીસી કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનામાં પેગીયા ગામની ડેરીની ૧૩ લાખની ચોરીમાં સંડોવાયેલ હતો. જે રાજસ્થાનમાં પણ અન્ય ગુનાઓમાં સંડોવાયેલ હતો. (૪) રણજીતભાઈ જીતુભાઈ કાઠી (દરબાર) રહે. ધામખોલ, જુનાગઢ રહે. કોદીયા તા. ખાંભા અમરેલી જે પાંથાવાડા ફસ્ટ ગુના નં. ૩૧/૧૫ આઈપીસી કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ચોરીના ગુનામાં જૂનાગઢથી ઝડપીને જેલના હવાલે કર્યા હતા. (૫) તેજાભાઈ હરચંદભાઈ ઠાકોર રહે. આસીયા તા. ધાનેરાવાળાને વોરંટના કામે જેલમાં રખાયો હતો તે તમામ આરોપીઓ શનિવારની વહેલી સવારે ધાનેરા સબ જેલમાંથી નાસી છુટ્યા હતા. જેથી ધાનેરા પોલીસ દોડતી થઈ હતી અને આ અંગેની જાણ ધાનેરા મામલતદારને કરતા મામલતદાર ભાવસાર તથા ડે. કલેક્ટર બી.એમ. સોની પણ તાત્કાલિક જેલની મુલાકાતે આવ્યા હતા અને આરોપીઓ કઈ રીતે નાસી છુટ્યા તે બાબતેની માહિતી મેળવી હતી. જ્યારે આ અંગેની વરણી પોલીસ વડાને કરાતા થરાદ ડીવાયએસપી ઉમેશ પટેલ સહીત એલસીબી તથા એસઓજીની ટીમ પણ તાત્કાલિક ધાનેરા ખાતે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પરંતુ ઘોડા નાસી છુટ્યા પછી તબેલાને તાળા મારવા જેવી વાત થવા લાગી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### મોડાસામાં સંગીતમય સૂર સંધ્યા યોજાઈ

ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ આર્ટસ કોલેજ અને શબ્દસેતુ સંસ્થાના સહયોગથી મિલે સૂર મેરા તુમ્હારા સૂરસંધ્યા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા અને સાબરકાંઠા જિલ્લાના સંગીત ક્ષેત્રે ઉભરતા અને પોતાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ગાજતું કર્યુ છે તેવા યુવા કલાકારોને પ્રોત્સાહિત કરતા કાર્યક્રમમાં કોલેજ મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, પૂર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ, ડૉ. પિનાકીન પંડ્યા, સઈડ અહેમદ ભૂરા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. દિપક જોશીએ મહેમાનોનું સ્વાગત કરેલ. શબ્દસેતુના પ્રમુખ પ્રે. ડૉ. જિજ્ઞેશ સુથારે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી કલાકારોનો પરિચય કરાવ્યો. ઓસા.ના પ્રમુખ નિલેષભાઈ જોશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. શબ્દસેતુના ડૉ. સંતોષ દેવકર દ્વારા ઉદ્‌ઘાટન સમારંભનું સંચાલન કરવામાં આવ્યું હતું. શબ્દસેતુના મંત્રી સલીમ શેખ દ્વારા ઉભરતા કલાકાર મહમંદવસીમ શેખ, બેનઝીર શેખ, હિતાંશુ પરિહાર, જાવેદ અલીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોલેજ મંડળના ભામાશા હોલમાં હડકે ઠઠ પ્રેક્ષકો વચ્ચે સંગીતની રમઝટનો આ કાર્યક્રમ નગરનું સંભારણું બની રહેશે.

### મોઢેરા ખાતે ૨૭મો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે કરવામાં આવનાર હોઈ તંત્ર દ્વારા હાથ ધરાઈ છે. એક દિવસના મહોત્સવમાં વિદેશી પતંગબાજો સહિત દેશ અને રાજ્યભરના પતંગબાજો વિવિધ આકારના પતંગો ચગાવી ભારે આકર્ષણ જમાવશે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે મકરસંક્રાંતિ નિમિત્તે આંતર રાષ્ટ્રિય પતંગ મહોત્સવ ઉજવાય છે. ૮ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી રાજ્યના ૧૪ સ્થળોએ પતંગ મહોત્સવ થનાર છે. મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે ૧૩મી જાન્યુઆરી બુધવારના રોજ આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાનાર છે પતંગ મહોત્સવની તડામાર તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાઈ છે. જિલ્લા કલેક્ટર લોચન સેહરા અને અધિક કલેક્ટર રમેશ મેરજાએ પતંગ મહોત્સવના સ્થળે જગ્યાની વિગતે સમીક્ષા કરી જરૂરી સુચનો કર્યા હતા.

મોઢેરા ખાતે યોજાનાર પતંગ મહોત્સવમાં વિદેશી પતંગબાજો અને ભારતીય પતંગબાજો પોતાના અવનવા પ્રકારના પતંગોના કરતબો દર્શાવશે. કડી પ્રાંત અધિકારીની એચ.એસ. પટેલની સીધી દેખરેખ હેઠળ મહોત્સવને લગતી તમામ તૈયારીઓ વહીવટીતંત્ર દ્વારા થઈ રહી છે.



### ઉત્તરાયણ નિમિત્તે શ્વાન માટે લાડુ તૈયાર...

ઉત્તરાયણના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે દિયોદર નગરજનોની મહિલાઓ દ્વારા શ્વાન માટે લાડુ બનાવવાની તયારી કરાઈ રહી છે. ત્યારે આજે શહેરમાં આવેલ પ્રશાંત પાર્ક અને ગાયત્રીનગરની સોસાયટીની મહિલાઓ દ્વારા શ્વાન માટે બંને સોસાયટીમાંથી ૧૨ મણ જેટલા લાડુ બનાવવામાં આવ્યા હતા અને આ લાડુ શ્વાન ગાય તથા અન્ય પ્રાણીને પીરસવામાં આવ્યા હતા.

# બનાસ બેંક લૂંટ કેસમાં વપરાયેલ કાર ભીનમાલથી મળી

ધાનેરા, તા. ૯

ધાનેરાના બાપલા બનાસબેંકની શાખાની ૮૦ લાખની કેસ લુંટી ફરાર થનાર ઈસમોએ રાજસ્થાનના ભીનમાલ પાસે ગાડી મુકી દીધી હોવાથી રાજસ્થાન પોલીસે બીનવારસી હાલતમાં ગાડી કબ્જે લીધી હતી અને ધાનેરા પોલીસને જાણ કરતાં સોમવારે ધાનેરા લાવવામાં આવી હતી. જ્યારે તે બાબતની તપાસમાં બ.કા. એલસીબી અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમો હાથ ધરવામાં આવી રહી છે.

બનાસકાંઠામાં ૮૦ લાખની લૂંટને લઈને ચકચાર છે અને તે લૂંટ કેસમાં બનાસકાંઠા પોલીસની એલસીબીની ટીમના પીએસઆઈ કે.જે. પટેલને લીંક મળતા રાજસ્થાન પોલીસનો સહયોગ લઈને તપાસ હાથ ધરી હતી. ત્યારે ત્રણેક દિવસ અગાઉ રાજસ્થાનના ભીનમાલ ગામ પાસે જાલોર રોડ ઉપર એક બીનવારસી અલ્ટીકા કાર મળી આવતા તપાસના દોરમાં થોડી ગરમી આવી હતી અને બ.કાંઠા એલસીબીની ટીમે અમદાવાદના ક્રાઈમ બ્રાન્ચના માસ્ટર પીઆઈ એસ.એલ. ચૌધરીની મદદ લીધી હતી અને બન્ને ટીમોની મદદથી લૂંટ કરનારા લોકો સુધી પગેરૂ મેળવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જ્યારે આ લૂંટ કેસમાં ધાનેરા પોલીસને કોઈજ કામગીરી સોંપવામાં ન આવતા ધાનેરા રહે. પણ અચંબામાં પડી ગયા છે. કેમકે અગાઉ થયેલ ત્રણેક લૂંટમાં આજદિન સુધી ધાનેરા પોલીસ પગેરૂ ન મેળવી શકતા જિલ્લાની ટીમોને તપાસ સોંપાઈ હોવાના અહેવાલ મળ્યા છે.

આ અંગે ધાનેરા પીઆઈ જે.એમ. ચુડાસમાએ જણાવેલ કે રાજસ્થાનમાંથી લૂંટમાં વપરાયેલ ગાડી મળતા અમારી ટીમને ભીનમાલ મોકલીને સોમવારે કબ્જે લીધી છે.

### ગાડીથી થોડે દૂર એક મૃતદેહ મળતા તર્ક-વિતર્ક

ભીનમાલ પાસે લૂંટમાં વપરાયેલ કાર મળી આવી હતી અને તેનાથી એકાદ કી.મી. દૂર એક અજાણ્યા યુવકની હત્યા કરાયેલ મૃતદેહ મળી આવતા અનેક તર્ક-વિતર્ક ઉભા થવા પામ્યા છે કે આ લૂંટમાં ભાગ પાડવા બાબતે તો હત્યા કરાઈ નથીને, જેથી રાજસ્થાન પોલીસે પણ આ બાબતે વધ તપાસ હાથ ધરી છે.

### લુંટારા ઝડપથી પકડાઈ જશે

લૂંટ કેસની તપાસ એલસીબી પી.આઈ. કે.જે. પટેલ ચલાવી રહ્યા છે. તેમને પૂછતા જણાવેલ કે અમોએ આ બાબતે કડીઓ મળી છે અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ લૂંટ કરનાર લુંટારૂઓ ઝડપથી પકડાઈ જશે તેવી અમોને આશા છે અને આમાં ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદની ટીમે પણ મદદ કરી છે.



### ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ગંદકી ખદબદી

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલનું બિલ્ડીંગ અદ્યતન બની ગયું છે. પરંતુ હજુ સુવિધાઓ મળતી નથી. શુક્રવારના રોજ ચિત્રોડી ગામના બિમાર બાળકોમાના રણજીતભાઈ રમણભાઈ અંગારી(૪)નું મરણ થયેલ જેનું પી.એમ. કરવા માટે પીએમ રૂમમાં રાખવામાં આવેલ પરંતુ પીએમ રૂમ આગળ એટલી ગંદકી ખદબદી રહી હતી કે જનરલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ઔદિચ્ય પીએમ રૂમમાં જવા આવ્યા તો તેમને પથ્થરની લાદીઓ મુકાવી અંદર જવુ પડ્યુ હતુ. આ ઉપરાંત પાણીની ટાંકી નીચે જો મચ્છર બ્રિડીંગ તપાસવામાં આવે તો સૌથી વધુ મળી આવે તેટલા પ્રમાણમાં ગંદકી ખદપદે છે.

### મેઘરજ તાલુકા માટે સાંસદસભ્ય દ્વારા વિકાસના કામો ફાળવવા ભલામણ

મેઘરજ, તા. ૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અલગ અલગ વિકાસના કામો માટે મેઘરજ તાલુકા પંચાયત સીટ નં. ૧ના ભાજપાના વિજેતા ઉમેદવાર મહેશભાઈ જે. ઉપાધ્યાય દ્વારા આ વિકાસના કામો ફાળવવા આપણા સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડને ભલામણ કરવામાં આવી હતી અને આ ભલામણને ધ્યાનમાં રાખી મેઘરજ તાલુકા અને સતત ચિંતિત રહેતા આપણા સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડે આપણા ગુજરાત રાજ્યના આરોગ્ય, તબીબી, શિક્ષણ, માર્ગ અને મકાન વિભાગના મંત્રી નિતીનભાઈ પટેલને આ વિકાસના કામોના ઝડપથી જોબ નંબર ફાળવી આપવા મહેશભાઈ જે. ઉપાધ્યાયની રજુઆતના આધારે આ કામોના જોબ નંબર ફાળવવા સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડ દ્વારા નિતીનભાઈ પટેલને આ કામોના જોબ નંબર ફાળવવા ભલામણ કરવામાં આવી છે. અને આ ભલામણ દ્વારા વિકાસના કામો ફળવાય તો મેઘરજ તાલુકાની જનતા હર્ષની લાગણી અનુભવશે.

# પાલનપુરમાં પાટીદારોના પ્રતિક ઉપવાસ

## હાર્દિકને મુક્ત કરવાની માંગ નહી સ્વીકારાય ત્યાં સુધી સરકારી કાર્યક્રમોનો કરાશે બહિષ્કાર : લાલજી પટેલ

પાલનપુર, તા. ૯

પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ અને તેના સાથીદારો જેલમાં છે ત્યારે તેઓને મુક્ત કરવાની માંગ સાથે આજે પાલનપુર ખાતે પાટીદારો દ્વારા પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પાલનપુર ખાતે આજે સરદાર પટેલ ગ્રુપના અધ્યક્ષ લાલજી પટેલની ઉપસ્થિતિ વચ્ચે પાટીદારો પ્રતિક ઉપવાસ પર ઉતર્યા હતા. પાટીદારોએ હાર્દીક પટેલ અને તેના ૧૪ સાથીદારોને સત્વરે મુક્ત કરવાની માંગ દોહરાવતા સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રસંગે લાલજી પટેલે જણાવ્યું હતું કે ૨૦ હજારથી વધુ કેસો પાટીદારો સામે કરવામાં આવ્યા છે. જે પરત ખેંચી લેવામાં આવે તથા અનામતની માંગ અંગે સરકાર ઠોસ કદમ ઉઠાવે તેવી માંગ કરી હતી.




જો કે, એસ.પી.જી.ના પ્રમુખ લાલજી પટેલે જ્યાં સુધી સરકાર પાટીદારોની માંગણી નહી સંતોષે ત્યાં સુધી સરકારના કાર્યક્રમોનો બહિકાર કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

# માલપુર તાલુકામાં ગુણોત્સવ યોજાયો

મોડાસા, તા. ૯

માલપુર તાલુકામાં પરપોટીયા કોઠી અને પુજારાની મુવાડી મુખ્યમંત્રીના સંસદીય સચિવ સદસ્ય ગામના સરપંચ તેમજ સી.આર.સી. સ્ટાફના સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ સંસદીય સચિવ દ્વારા દરેક દ્વારા વાલીઓ પોતાના બાળકોને શાળાએ અવશ્ય મોકલે તેમજ સાંજે ઘરે આવ્યા પછી વાલીઓની જવાબદારી છે કે બાળોકન જોડે



(પંચાયત) દ્વારા દિપ પ્રગટાવીને ગુણોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ગુણોત્સવ પ્રસંગે પ્રાથમિક શાળાના આચાર્યો દ્વારા શાળાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ તથા બાલીકાઓ દ્વારા આવેલ પદાધિકારીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ ગીતોથી ગુણોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત, વિદ્યાર્થીઓને વર્ગ દિઠ બેસાડીને પોતેજ બાળકોને ભણાવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓને શ્રુતિ લેખન અને ગણન કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીને અલગ-અલગ પ્રશ્નો પુછીને બાળકોના જ્ઞાનની ચકાસણી કરી હતી અને દરેક વિદ્યાર્થીઓને સંસદીય સચિવે પ્રશ્નો પુછીને કહ્યું હતું કે તમે ભણીને શું કરશો ? ત્યારે વિદ્યાર્થીઓ તરફથી જવાબ મળ્યો હતો કે ડૉક્ટર, સારા એન્જીનિયર કે સારી સરકારી નોકરી મેળવીશુ. ત્યાર બાદ સંસદીય સચિવ બેસીને ભણાવે તેવું તેમને જણાવ્યું હતું. એસ.એમ.સી.ના સભ્યો દ્વારા વાલીઓ સાથે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરપોટીયા પ્રા. શાળાને હાલમાં એ-ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. જેમાં છોકરીઓની સંખ્યા એ+માં સંખ્યા સૌથી વધારે છે. ગ્રામજનોએ વિવિધ પ્રશ્નો પુછીને પોતાના ગામની વ્યથા રજુ કરી હતી. દત્યારબાદ સંસદીય સચિવ દ્વારા પ્રશ્નો હલ કરવાની ખાતરી આપી હતી. આ ગુણોત્સવ દરમ્યાન ગ્રામજનો દ્વારા ક્યાય વિરોધ કરવામાં આવેલ નથી.

# બાદરજીના મુવાડા ગામે નજીવી બાબતે પરિવારના બે જૂથો વચ્ચે તકરાર

તલોદ, તા.૯

તલોદ તાલુકાના બાદરજીના મુવાડા ગામે એક જ કુટુંબ પરિવારના મનાતા સભ્યો વચ્ચે નજીવી બાબતે થયેલ તકરાર લોહીયાળ જંગમાં પરિણમી હતી. જેમાં બંને જૂથના મળી કુલ ૧૧ વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. જે તમામ દાકતરી સારવાર મેળવી રહ્યા છે. રહેઠાણના બાથરૂમના વપરાશનું પાણી રોડ ઉપર અને અન્યના રહેઠાણ તરફ જતું હોવાથી તે અટકાવવા સંદર્ભે કહેવા જતાં બંને જૂથ વચ્ચે ચકમક ઝરી હતી. અને શાબ્દિક યુધ્ધથી આરંભાયેલી તકરાર લાકડી, લોખંડની પાઈપો અને ધારિયાના ઘા માં પરિણમી હતી. આ તકરારના ગુના સંદર્ભે બાદરજીના મુવાડા ગામના રામસિંહ સોલંકી અને મંગુસિંહ સોલંકીએ એકબીજા સામે આક્ષેપો સાથે હુમલો કર્યાની ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવેલ છે જેની તપાસ હે. કોન્સ. માનસિંહ મનવત્તસિંહ ચલાવી રહ્યા છે.

બાદરજીના મુવાડા ગામે ગત રોજ સવારે થયેલી ઉકત તકરારમાં ફરિયાદી રામસિંહ બાલુસિંહ સોલંકીના જૂથના ૬ વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી જેથી તેઓએ ૭ આરોપીઓ સામે ધારીયું, લોખંડની પાઈપ અને લાકડીઓથી હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં નોંધાવેલ છે જેની સામે મંગુસિંહ કાળુસિંહ સોલંકીએ ક્રોસ ફરિયાદ નોંધાવી તેમના જૂથના ૫ વ્યકિતઓને કુલ ૬ આરોપી ઈસમોએ લાકડી, ધારિયા અને પાઈપથી ઘાયલ કર્યા હોવાનો દાવો કરેલ છે. બંને પક્ષના આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દિયોદર તાલુકા ભાજપ પ્રમુખ તરીકે પરાગભાઈ જોષી

પ્રદેશ કક્ષાએથી સંગઠન માળખાની નવીન રચનાને પગલે તાલુકા મંડળોના પ્રમુખોની નવીન પસંદગી કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં દિયોદર જી. આઈ.ડી.સી. ખાતે દિયોદર તાલુકા ભાજપની બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપ પક્ષમાં સંગઠનનું સરકારનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય જેટલું જ મહત્વ હોઈ વર્તમાન પ્રમુખની કામગીરી ધ્યાને લઈ દિયોદર તાલુકા ભાજપ પ્રમુખ તરીકે વર્તમાન પ્રમુખ પરાગભાઈ જોષીને રીપીટ કરતા ભાજપના કાર્યકરોએ તેમને વધાવી લીધા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રભારી કે.ટી. માળી, દિયોદર તા. યુવા ભાજપ પ્રમુખ રમેશભાઈ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, ઈશ્વરભાઈ તરક, ડામરાભાઈ પટેલ, પ્રદિપભાઈ શાહ, જિલ્લા મહિલા મોરચા મંત્રી ભીખીબેન વોરા, રમીલાબેન માળી, જબ્બરસિંહ વાઘેલા, વનરાજસિંહ વાઘેલા, સહ. કન્વીનર ભાજપ ડૉ. સેલ કનુભાઈ પટેલ, ગ્રામ પંચાયત કે.પી. માળી વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રમુખ પદ મેળવેલ પરાગભાઈ જોષીને ફૂલહાર પહેરાવી તમામ કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

### ખેડબ્રહ્મા તાલુકા અને શહેર ભાજપ પ્રમુખની વરણી કરવામાં આવી

ખેડબ્રહ્મા ખાતે શનિવારના રોજ અર્બુદા માતાજી મંદિર વાડીમાં ભાજપની સભા મળી હતી. જેમાં શહેર અને તાલુકાના પ્રમુખની વરણી કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકા પ્રમુખ ગુલાબસિંહ વાઘેલા અને શહેર પ્રમુખ નારાયણદાસ બારોટની ટર્મ પુરી થતાં નવા પ્રમુખ માટે સભા મળી હતી. જેમાં ખેડબ્રહ્મા તાલુકા પ્રભારી નટવરસિંહ ભાટી દ્વારા મેન્ડેટ ખોલી તાલુકા પ્રમુખ તરીકે સુરેશભાઈ પુંજાભાઈ પટેલ અને શહેર પ્રમુખ તરીકે બ્રિજેશભાઈ દેવાભાઈ પટેલના નામ જાહેર કરતાં કાર્યકર્તાઓએ તાળીયોના ગડગડાટથી બન્નેને વધાવી લીધા હતા. આ પ્રસંગે હરીભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, તા.પ. વિરોધપક્ષ નેતા શિવાભાઈ પરમાર સહીત તાલુકા અને શહેરમાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા, સમગ્ર સભાનું સંચાલન વિજય બી. ત્રિવેદીએ કર્યુ હતું.

### દુષ્કર્મ ગુજારનાર આરોપીને દસ વર્ષની સજા તથા ચોવીસ હજારનો દંડ

દિયોદર તાલુકાના કુવાણા ગામે રહેતી એક પરણીતાને લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ નરાધમ ઈસમે અલગ અલગ જગ્યા ઉપર તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ ગુજારવાના કેસમાં આજે દિયોદર એડીશનલ સેશન્સ કોર્ટે આરોપીને દસ વર્ષની સજા અને ચોવીસ હજારનો દંડ સંભળાવ્યો હતો.